Bharuch Nature Conservation Society
bharuch.nature.club@gmail.com https://www.facebook.com/BharuchNatureClub

Volume # 010 FEBRUARY 2014

## આ અંકનું વૃક્ષ

### વરણો (Garlic pear tree)

સામાન્ય અંગ્રેજી નામ: Garlic pear tree
ગુજરાતી : વરણો, વાયવરણો
Hindi: बरना
Bengali: বরুন (Barun)
Sanskrit: वरुण (Varuna)
Botanical name: Crataeva adansonii

ભરૂચમા સ્થાન : રેલ્વે ગોદી રોડ પર તથા બંબાખાના કબ્રસ્તાનના પાછળના ભાગમા કેટલાક ઝાડ




મધ્યમ કદનુ આ ઝાડ પાનખર પ્રકારનુ છે. જ્યારે ફૂલોથી છવાયેલુ હોય છે ત્યારે સુંદર દેખાવ ધારણ કરે છે. જુન મહિના દરમિયાન ભરૂચમા ફુલોથી આચ્છાદિત જોવા મળ્યુ હતુ. પાન ત્રિપર્ણી સંયુક્ત પ્રકારના (બિલીપત્રની જેમ ત્રણ પાંદડીઓનુ સંયુકત પર્ણ) લંબગોળ પણ ટોચ તરફથી અણીવાળા હોય છે. તેના ફળ દેશી બોર જેટલા કદના ગોળ હોય છે અને પાકે ત્યારે લાલ-કેસરી જેવો રંગ ધારણ કરે છે. ખાય શકાય તેવા હોય છે પણ સ્વાદે લસણ જેવા તીખા સ્વાદવાળા હોવાથી તેનુ અંગ્રેજી નામ Garlic pear tree પ્રચલિત થયુ હશે.




આ ઝાડનો દરેક અંગનો ઉપયોગ આયુર્વેદિક સારવારમા થાય છે.

ભારતીય ટપાલખાતા તરફથી આ ઝાડના ફૂલાચ્છાદિત વૃક્ષના ચિત્રવાળી 50 પૈસાના મૂલ્યની ટપાલટિકિટ પણ બહાર પડી હતી.

### Recent News

**જી.એન.એફ.સી. ખાતે વિજ્ઞાનમેળામાં ભરૂચ પ્રકૃતિ સંરક્ષણ મંડળની ભાગીદારી**

NCSC નુ 21મુ વાર્ષિક વિજ્ઞાન પ્રદર્શન તા.8,9 ફેબ્રુઆરી 2014ના રોજ આયોજિત હતુ. ભરૂચ પ્રકૃતિ સંરક્ષણ મંડળ અને NCSC દ્વારા પણ બર્ડ ફોટોગ્રાફી અને પ્રકૃતિ શિક્ષણ પ્રદર્શન માટે એક સ્ટોલનુ આયોજન કરેલ હતુ. પ્રદર્શન સ્ટોલને ખુબ સારો પ્રતિસાદ મળ્યો હતો. સ્ટોલ પર બન્ને દિવસ દરમિયાન "*મને ઓળખો*" પ્રશ્ન સ્પર્ધાનુ આયોજન કરેલ હતુ. વિવિધ શાળાના કુલ 73 વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. સ્ટોલ પર ખુબ જ મોટી સંખ્યામા મુલાકાતીઓનો ધસારો રહ્યો. ચાલુ વર્ષે 11 ફોટોગ્રાફર્સની કુલ 60થી વધુ પક્ષી તસવીરોનુ પ્રદર્શન કરાયેલ હતુ. લોકો દ્વારા ફોટો પ્રદર્શનને સારો પ્રતિસાદ મળ્યો. ચાલુ વર્ષે ભરૂચ ફોટોગ્રાફર્સ કલબના સભ્યો તરફથી ખુબ સુંદર પક્ષી તસવીરો પ્રદર્શન માટે મળી. સારી એવી પ્રતિભા ધરાવતા આ યુવામિત્રોના ફોટોગ્રાફ મુલાકાતીઓને ખુબ જ ગમ્યા. બાળકોએ પ્રશ્નોતરી સ્પર્ધામા ઉત્સાહ દાખવી મોટી સંખ્યામા ભાગ લીધો તે બદલ તેમનો આભાર માનવો ખુબ જ જરૂરી છે. આ ઉપરાંત પ્રદર્શન દરમિયાન શ્રી સતીષ પટેલ, શ્રીઅતુલ દેસાઇ, શ્રીઘનશ્યામસિંહ ડાભી, શ્રીગોહિલ, શ્રીપંચોલી વગેરેએ પણ સ્વયંસેવક તરીકે ઉત્સાહભેર મદદ કરી તેમનો આભાર માનવો પણ એટલો જ જરૂરી છે. અને સૌથી નાની વયના સ્વયંસેવક ચિ. રૂદ્રસિંહ ઘનશ્યામસિંહ ડાભીએ પણ ખુબ ઉત્સાહપૂર્વક કામ કર્યુ. ચિ. જયમ સતીષભાઇ પટેલે પ્રશ્નોતરી સ્પર્ધામા એન્કર તરીકે ખુબ જ મહત્વની ભૂમિકા અદા કરી. ચિ.જયમ હાજર ન હોત તો પ્રશ્નોતરી સ્પર્ધા અશક્ય હતી. NCSC ના શ્રીઅમિત દવે, શ્રી વી.બી.પટેલ તથા તેમનાઅન્ય સ્વંસેવકોનો પણ સહયોગ બદલ

## આ અંકનું પક્ષી

### ટીટોડી (Red-wattled Lapwing)

ટીટોડી એ પાણીની આજુબાજુ જોવા મળતું એક પક્ષી છે. તે મોટેથી અવાજ કરે છે. પ્રજનનકાળ દરમિયાન પાણીની આજુબાજુમાં જોડીમાં અને એ સિવાયના સમયમાં ટોળામાં જોવા મળે છે.

વર્ણન

ટીટોડી એ લગભગ ૩૫ સે.મી. ની લંબાઈ ધરાવતું પક્ષી છે. તેની પાંખો અને પીઠ આછા બદામી રંગની હોય છે જેમાં જાંબુડિયા રંગની ચમક હોય છે. માથાનો ભાગ અને છાતીનો ભાગ કાળા રંગનો હોય છે જેની વચ્ચે સફેદ પટ્ટી બંને કાળા ભાગને અલગ કરે છે અને છાતીના નીચેના ભાગ સુધી હોય છે. પૂંછડી ખુબ નાની અને કાળા છેડા વાળી હોય છે. આંખોની સામે રાતો માંસલ ભાગ હોય છે (આના પરથી જ અંગ્રેજી નામ "રેડ વેટલ્ડ લેપવીંગ" પડ્યું છે). ચાંચ રાતી અને કાળા રંગની અણીવાળી હોય છે. પગ લાંબા અને પીળા રંગના હોય છે.




ખોરાક અને આવાસ

તે મોટેભાગે જોડીમાં કે ત્રણના જુથમાં રહે છે અને ક્યારેક ૨૦-૨૫ ના ટોળામાં પણ જોવા મળે છે. તેઓ ખોરાકમાં જીવજંતુઓ, નાના જળચર પ્રાણીઓ વગેરે આરોગે છે. તેઓ રાત્રે ખોરાક લેતા પણ જોવા મળે છે, ખાસ કરીને પૂર્ણીમાની રાત્રી દરમિયાન. તેઓ ખુબ જ જાગૃત અને કોઈ પણ પ્રકારના ભયને સૌથી પહેલા ઓળખી લેનારા પક્ષીઓ છે. તેઓ ભય જણાતા ખુબ જ મોટેથી બોલવા લાગે છે અને જેથી બીજા પક્ષીઓ ચેતી જાય છે. તેઓ ક્યારેક ખેતરોમાં કે જંગલી ધાન પણ આરોગે છે.





સંવનન

પ્રજનનકાળ સામાન્ય રીતે માર્ચથી ઓગસ્ટ દરમિયાન હોય છે. માદાને આકર્ષવા માટે નર માદાની આસપાસ ઝડપથી દોડે છે અને ચાંચ ઉંચી રાખીને પાંખો ફેલાવી નૃત્ય કરે છે. માદાની આસપાસ મોટેભાગે એકથી વધારે નર જોવા મળે છે. માદા ઈંડા જમીન પર જ થોડા કાંકરાથી અને માટીથી બનાવેલા માળામાં મુકે છે. ઈંડાની સંખ્યા ૩-૫ જેટલી હોય છે. ઈંડા કાળા ટપકાવાળા ભૂખરા રંગના હોય છે જે સામાન્ય રીતે નીચેની જમીન સાથે ભળી જાય છે અને જલદી જોઈ શકાતા નથી. તેઓ અગાસી પર પણ ઈંડા મુકે છે. ક્યારેક તેઓ રેલ્વેના પાટાની વચ્ચે કે બાજુમાં ઈંડા મુકે છે અને ટ્રેન આવે ત્યારે ઉડી જાય છે.

આભાર માનવો રહ્યો. ભરૂચ ફોટોગ્રાફી ક્લબના શ્રીગુલામ અહમદ ડાગીયા, શ્રીરુત્વિક પટેલ (bharuchmycity.com), શ્રીઅસીમ પટેલ, શ્રી કૌશલ મોદી, શ્રીઅભિષેક પટેલ, શ્રી પીનલ પટેલ, શ્રીનીતીન ટેલર(Serve happiness), કુ.બ્રિંદા ટેલર, ચિ.મંત્ર ત્રિવેદી, શ્રીઅભિરાજ પરમાર વગેરેએ સુંદર ફોટોગ્રાફ પૂરા પાડ્યા અને સહકાર આપયો એ બદલ ખુબ ખુબ આભાર. શ્રી હિરેન મજીઠીયા અનિવાર્ય સંજોગોને કારણે હાજર રહી ન શક્યા પણ પ્રદર્શન પહેલાની પૂર્વ તૈયારીમા સહયોગ બદલ તેમનો આભાર માનવો રહ્યો. અને છેલ્લે એટલુ સ્વીકારવુ રહ્યુ કે પ્રત્યક્ષ અને પરોક્ષ બન્ને પ્રકારે સહકાર આપનાર દરેક મિત્રો, મુલાકાતીઓ, વિદ્યાર્થીઓ વગર આ બધુ શક્ય ન હતુ. તો એ સર્વમિત્રોનો આભાર માનવો રહ્યો.

*-નીતિન ભટ્ટ*

**એશિયન વોટરબર્ડ સેન્સસ**

તા.26મી જાન્યુઆરી 2014ના રોજ કરાયેલ પક્ષીગણતરી કાર્યક્રમ અંતર્ગત પાનોલી જળાશય, બલદવા ડેમ, પીંગુટ ડેમ અને ધોલી ડેમની મુલાકાત લઈ પક્ષીગણતરી કરવામા આવેલ હતી. કુલ 17 સ્વયંસેવકો જોડાયા હતા. પક્ષીગણતરીનો અહેવાલ આવતા અંક્મા પ્રસિધ્ધ કરીશુ.

### પક્ષી નોંધ

**ભાવનગરમાં પક્ષી-નિરીક્ષણ:**

થોડા સમય પહેલા જ મે સિહોરમાં પક્ષી-નિરીક્ષણ કરેલ. આ વખતે વધારે દિવસો માટે સિહોર જવાનું થયું અને એ સમય દરમિયાન ભાવનગર પણ જવાનું થયેલ. તારીખ ૧ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ મારે એક લગ્ન પ્રસંગે ભાવનગર જવાનું થયું. ત્યાં (ગંગાજળીયા) તળાવની બાજુમાં આવેલ જશોનાથ ચોક પર હું ઉતર્યો. રસ્તામાં પીલ-ગાર્ડનમાં આવેલ વૃક્ષો પર મેં મોટા પક્ષીઓ ઉડતા જોયેલ. ચોકમાં આવેલ લીમડા અને વડના વૃક્ષો પર મોટી સંખ્યામાં માળા-વસાહતો જોવા મળી અને ખુબ જ મોટી સંખ્યામાં પીળીચાંચ ઢોંકના બચ્ચાઓ જોવા મળ્યા. માતા-પિતા બચ્ચાઓ

અમુક સંજોગોમાં તે પોતાના ઈંડા બીજી જગ્યાએ ખસેડતા જોવા મળેલ છે. ઈંડાનું સેવન નર અને માદા બંને વારાફરતી કરે છે અને બીજા આજુબાજુ સુરક્ષા કરે છે અને કોઈ ભયજનક પરની કે પક્ષીને તેઓ બીજી દિશામાં ભટકાવવા પ્રયત્નો કરે છે. ઈંડાનું સેવન ૨૮-૩૦ દિવસ સુધી ચાલે છે.

નોંધ: **ગુજરાત અને રાજસ્થાનમાં એવી માન્યતા છે કે જો ટીટોડી ઉંચાઈવળી જગ્યા પર ઈંડા મુકે તો વરસાદ સારો થાય છે.**

માટે ખોરાક લાવતા નજરે પડ્યા. મેં પહેલી વાર આ પક્ષીઓને બચ્ચાઓ માટે પાણી લઇ જતા અને તેને બચ્ચાઓને પીવડાવતા જોયા. તેની આજુબાજુમાં નગર સેવા સદનના ઉદ્યાનમાં આવેલા મોટા વૃક્ષો પર વધુ માળા જોવા મળ્યા જેમાં મોટેભાગે પીળીચાંચ ઢોંક અને ભારતીય કાજીયાના હતા.
આ ઉપરાંત, તળાવમાં કજિયા, ગયણા, ટીલીયાળી બતક અને એક પેણ જોવા મળી. આ ઉપરાંત, ડૂબકી, બગલા અને વાબગલીઓ પણ દ્રશ્યમાન થયા.
ભાવનગર અને સિહોરમાં મેં કરેલા પક્ષીનિરીક્ષણ વિષે વિસ્તૃત અહેવાલ આવતા અંકમાં

*-હિરેન મજીઠીયા*

**Important Information**

IF ANYONE WANT TO SUBSCRIBE TO THIS NEWSLETTER DIRECTLY, PLEASE **CLICK HERE**.

Forward above link to someone interested in our activities.